| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૯/૦૧/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

## ખોખરા પોલીસ સ્ટેશન જા.જોગ.નં.૦૭/૨૦૨૫ ના કામે ગુમ થનારને તાત્કાલીક શોધી ગુમ થનારના પરીવારને સોપતી ગોરના કુવા પોલીસ ચોકી ખોખરા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા મે.ખાસ પો.કમિ.શ્રી.સે-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા ગુમ થયેલ વ્યક્તિને શોધી કાઢવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,એન.કે.રબારી સાહેબશ્રી નાઓના સીધા માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. ગોરના કુવા પોલીસ ચોકીના પો.સબ.ઇન્સ.શ્રી, આર.પી.વિડજા તથા એ.એસ.આઇ. ગૌરીબેન દેવજીભાઇ બ.નં. ૧૩૫૬૫ તથા એ.એસ.આઇ મિતકુમાર પ્રકાશભાઇ બ.નં.૧૩૦૪૫ તથા અ.હે.કો. વિજયભાઇ વિરસંગભાઇ બ.નં. ૫૬૫૯ તથા પો.કો. વિશ્વદિપસિંહ ચંદુભા બ.નં.૧૨૯૭૩ તથા બીજા સ્ટાફના પોલીસના માણસો સાથે ફરજ પર હાજર હતા. તે દરમ્યાન ખોખરા પોલીસ સ્ટેશન જા.જોગ.નં.૦૭/૨૦૨૫ ના કામે ગુમ થનાર હરીશભાઇ છગનભાઇ જાતે.નાગર ઉ.વ.૩૮ ધંધો.ઘરકામ રહે. મ.નં.૭૧ બાલ કુષ્ણ સોસાયટી લાલભાઇ સેન્ટરની સામે ખોખરા અમદાવાદ શહેર નાઓ તા.૨૬/૦૧/૨૦૨૫ ના ગુમ થયેલ હોય જે સંબધે ગુમ થનાર હરીશભાઇના પત્ની શ્વેતાબેન નાઓએ તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ ગુમ થવા બાબતે ફરીયાદ દાખલ કરાવેલ હોય જેની તપાસ અમોને સોપતા ટેકનીકલની મદદથી ગુમ થનારના મોબાઇલનુ છેલ્લુ લોકેશન કઢાવતા ગુમ થનારનુ લોકેશન સરખેજ વિસ્તારમાં આવતુ હોય અમો તથા સાથેના સ્ટાફના માણસો સાથે ગુમ થનારની શોધખોળ કરતા ગુમ થનાર હરીશભાઇનાઓને ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેમના પરીવાર સાથે સુખદ મિલન કરાવી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

| | |
|---|---|
| **કામગીરી કરનાર અધિકરી/કર્મચારી:**<br>(૧) પો.સબ.ઇન્સ.શ્રી, આર.પી.વિડજા<br>(૨) એ.એસ.આઇ. ગૌરીબેન દેવજીભાઇ બ.નં. ૧૩૫૬૫<br>(૩) એ.એસ.આઇ મિતકુમાર પ્રકાશભાઇ બ.નં.૧૩૦૪૫<br>(૪) અ.હે.કો. વિજયભાઇ વિરસંગભાઇ બ.નં. ૫૬૫૯<br>(૫) પો.કો. વિશ્વદિપસિંહ ચંદુભા બ.નં.૧૨૯૭૩ |  |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૨૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૮૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૧ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૪૦/૨૦૨૫**

**એલીસબ્રીજઃ** ધવલ અશોકકુમાર મહેતા (ઉ.વ.૪૧) (રહે. સાગર સમ્રાટ ફ્લેટ પાલડી એલીસબ્રીજ) એ તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ મોબાઈલ નંબર ૯૨૨૦૪૬૫૭૭૪ અને ૯૨૨૦૪૫૭૮૭૨ ના ધારકે ધવલ મહેતાને ફોન કરી એક્સીસ બેંકના મેનેજર વાત કરતા હોવાની ઓળખ આપી એક્સીસ બેંકનુ ક્રેડીટ કાર્ડ આપવાનુ કહી પ્રોસેસ માટે વોટસએપ ઉપર લિંક મોકલી ધવલ મહેતાના બેંક ખાતાના ક્રેડીટ કાર્ડની વિગત ભરાવડાવી ધવલ મહેતાના ખાતામાંથી રૂપિયા ૭૭,૪૦૦/– ટ્રાન્સફર કરી લઇ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એમ.ભુઆ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** મોહમ્મદ સુહેલ સ/ઓ સબ્બીરહુસેન શેખ (ઉ.વ.૩૫) (રહે. પેરેડાઇઝ રેસિડેન્સી લગઝ્યુરીયાની સામે ટી.પી–૮૫ જુહાપુરા સરખેજ) એ તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) એશ્વર્યાની ટેલીગ્રામ આઈ.ડી.યુઝર આઇ.ડી–@Aishwarya6587 તથા ક્રિસ્ટા ટેલીગ્રામ આઈ.ડી.યુઝર આઇ.ડી–@TKPL666 નામના ટેલીગ્રામ ગ્રુપમાં મેસેજથી વાત કરનાર તથા (૨) અલગ–અલગ બેંક ખાતા ધારકોએ ભેગા મળી મોહમ્મદ સુહેલ શેખને ટેલીગ્રામ ગ્રુપમાં એડ કરી તેમજ મેસેજ કરી https://crypto001.fun/trade/#/assets લીંક મોકલી વેબસાઇટમાં આઇ.ડી બનાવી ઘરે બેઠા રિવ્યુ આપવાનું કામ કરી રોજના રૂપિયા કમાવાની લોભામણી લાલચ આપી મોહમ્મદ સુહેલ શેખને શરૂઆતમાં નાની નાની રકમના ટાસ્ક પુરા કરાવી તે કામ પેટે ભરેલ પૈસા તેમજ કરેલ કામના કમિશનના પૈસા મોહમ્મદ સુહેલ શેખના ખાતામાં આપી વિશ્વાસ કેળવ્યો હતો, ત્યારબાદ ટાસ્ક આપી કુલ રૂપિયા ૭,૪૪,૦૦૦/– ઓનલાઇન ભરાવડાવી તેમાંથી રૂપિયા ૧૮૦૦/– પરત આપી બાકીના રૂપિયા ૭,૪૨,૨૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.નકુમ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૧૪૧/૨૦૨૫**

**રામોલઃ** કાંતીભાઇ જેઠાભાઇ વિહોલ (ઉ.વ.૬૫) (રહે. રુક્ષ્મણીનગર સોસાયટી ન્યુ સમા રોડ બેંક ઓફ બરોડા સામે વડોદરા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કાંતીભાઈ વિહોલ તેમના પત્ની સાથે તા.૨૭/૦૧/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ.એક્સપ્રેસ હાઇ–વે બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ ખાતે બી.આર.ટી.એસ.બસમાંથી ઉતરતા હતા દરમ્યાન બી.આર.ટી.એસ.બસમાં બેસવા–ચઢવા આવેલ હોય તેવો ડોળ કરી ત્રણ પુરૂષોએ ધક્કા મુક્કી કરી તે પૈકી એક પુરૂષે કાંતીભાઈ વિહોલના પત્નીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/– ખેચી તોડી લઈ ત્રણેય પુરૂષો નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૧૪૨/૨૦૨૫**

**મણીનગરઃ** અલ્કાબહેન વા/ઓ કલ્પેશભાઇ ગોપાણી (ઉ.વ.૫૪) (રહે. ન્યુ દેવાંગ એલીગેન્સ હિરાભાઇ કન્યા સ્કુલ પાસે વલ્લભવાડી સામે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૫ બપોરના ૩/૩૦ થી ૩/૫૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શિવરંજની બીઆરટીએસ બસ સ્ટેન્ડથી મણીનગર રામબાગ ચાર રસ્તા બીઆરટીએસ બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન અલ્કાબહેન ગોપાણીની નજર ચુકવી અજાણી વ્યક્તિએ મોટા પર્સની ચેન ખોલી નાનુ પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/–, સોનાની કાનની બુટ્ટી બે જોડ કિમત રૂપિયા ૪૮,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૧૨,૭૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

**ઈસનપુરઃ** ધૃવ કૌશીકભાઇ બ્રહ્મક્ષત્રિય (રહે. ગોરધનપાર્ક સોસાયટી ન્યુતન નાગરિક બેંક સામે ઇસનપુર) એ તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૧/૨૦૨૫ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઇસનપુર ચાર રસ્તા બ્રીજના છેડે કાંતીનગર આગળથી ઘોડાસર બ્રીજ પાસે મામા ફાસ્ટ્ફુડ સુધીની શટલ ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ ધૃવ બ્રહ્મક્ષત્રિયની નજર ચુકવી પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૩૪,૫૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૫**

**ગોમતીપુરઃ** મનસુખભાઇ દેવજીભાઇ વાઘેલા (ઉ.વ.૪૪) (રહે. ગજરા કોલોની માતૃછાયા સ્કુલ પાસે સુખરામનગર પાણીની ટાંકીની બાજુમાં ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૫ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લાકડાના મોભ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સાદિકશા બિસ્મિલ્લાશા ચલાવે છે.

**નિકોલઃ** જય સ/ઓ રાજુભાઇ પટેલ (ઉ.વ.૨૬) (રહે. જય સુર્યનગર સોસાયટી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૫ સવારના ૯/૦૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી